**Gujarat Chamber of Commerce & Industry**

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

4 જાન્યુઆરી, 2021 / 18434

**શ્રી પ્રદીપસિંહજી જાડેજા**
માનનીય ગૃહ મંત્રી
ગુજરાત રાજ્ય
ગાંધીનગર.

**Natubhai Patel**
President

**Hemant N. Shah**
Sr. Vice President

**K. I. Patel**
Vice President

**Pathik S. Patwari**
Hon. Secretary

**V. P. Vaishnav**
Hon. Secretary (R)

**Sachin K. Patel**
Hon. Treasurer

**વિષય: ભારે તથા મધ્યમ પ્રકારના માલવાહક વાહનોના પ્રવેશ અંગે**

માનનીય સાહેબશ્રી,

આપશ્રી દ્વારા હાલમાં અમદાવાદ શહેરની અંદર ભારે અને મધ્યમ માલવાહક વાહાનોના દિવસ દરમ્યાન પ્રવેશ માટે પ્રતિબંધો મુકવામાં આવેલ છે.

આપ વિદિત છો તેમ શહેરની બહારની બાજુના વિસ્તારોમાં ઘણા GIDC, અન્ય ઔદ્યોગિક વસાહતો અને APMC માર્કેટ આવેલ છે જેમાં પ્રવેશ માટે રિંગ રોડના રસ્તે જઈ શકાય છે અને આમ આ ટ્રાફિકને પણ નડતરરૂપ નથી તેમ છતાં આવા GIDC, ઔદ્યોગિક વસાહતો અને APMC માર્કેટ માટે પણ આ પ્રતિબંધ લાગુ કરવામાં આવ્યું છે જેને કારણે ઉદ્યોગોને ખુબ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ વિસ્તારોમાં દિવસ દરમ્યાન રિંગ રોડ થી અવર-જવર થી ટ્રાફિક ની કોઈ પણ પ્રકારની સમસ્યા ન સર્જાતી હોવાને કારણે અમે આપશ્રીને નમ્ર વિનંતી કરીએ છીએ કે આવા GIDC, અન્ય ઔદ્યોગિક વસાહતો અને APMC માર્કેટ માટે દિવસ દરમ્યાન રિંગ રોડથી ભારે અને મધ્યમ માલવાહક વાહનોને પ્રવેશ માટેની છૂટ આપવી જોઈએ.

વધુમાં, બપોરના 1-00 થી 4-00 ના ગાળામાં કોમર્શીયલ વાહનોને શહેરના વિસ્તારમાં પ્રવેશની આપવામાં આવેલ છુટને પણ તા. 1-9-2020 થી સ્થાગિત કરવામાં આવેલ છે. આપ વિદિત છો તેમ બહારગામથી આવતી ગાડીઓ લગભગ રાત્રીના સમયે શહેરમાં પહોંચે છે જેથી ટ્રાફિકની અવર-જવરમાં બાધા આવે નહિ પરંતુ તેમને માલ ખાલી કરવા કે ભરવા માટે દિવસની રાહ જોવી પડે છે કારણ કે રાત્રે મજૂરો મળતા નથી તેમજ દુકાન/ફેક્ટરી પણ ખુલ્લી હોતી નથી. આવા સંજોગોમાં દિવસના સમય દરમ્યાનની છૂટ ન હોવાને કારણે ગાડીઓમાં માલ ભરવા કે ખાલી કરવામાં ખુબ વિલંબ થાય છે અને વેપાર-ઉદ્યોગોને સમયસર માલ ની લેવડ-દેવડ પુરી ન કરી શકવાને કારણે આર્થિક નુકશાનનું સામનો કરવો પડે છે.

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA. | +91 - 79 - 2658 2301-2-3-4 | gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

Natubhai Patel
President

Hemant N. Shah
Sr. Vice President

K. I. Patel
Vice President

Pathik S. Patwari
Hon. Secretary

V. P. Vaishnav
Hon. Secretary (R)

Sachin K. Patel
Hon. Treasurer

ઉપરોક્ત બાબતને ધ્યાનમાં લઈને રિંગ રોડના રસ્તે પ્રવેશ કરી શકાય તેવા વિસ્તારો ઉપરાંતના વિસ્તારો માટે બપોરે 1-00 થી 4-00 કલાકના સમયગાળા દરમ્યાન પ્રવેશ માટે છૂટછાટ આપવામાં આવે તેવી અમારી આપશ્રીને નમ્ર વિનંતી છે.

સાહેબશ્રી, ભારતને પાંચ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર થકી વર્ષ 2025 સુધીમાં આત્મનિર્ભર બનાવવાનો આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્નને સાકાર કરવા અને તેમાં ગુજરાતના મહત્વપૂર્ણ યોગદાનને સફળ બનાવવા આ પ્રકારની છૂટછાટ આપવી ખુબજ અગત્યની છે તેથી આ અંગે ત્વરિત ધોરણે સકારાત્મક નિર્ણય લેવા આપશ્રીને વિનંતી કરીએ છીએ.

આપનો વિશ્વાસુ,

**નટુભાઈ પટેલ**
**પ્રમુખ**

**નકલ રવાના:**

**માનનીય પોલીસ કમિશ્નરશ્રી,** અમદાવાદ શહેર, શાહીબાગ, અમદાવાદ.